P.07

આમિર ખાને પોતાના દીકરા જુનૈદ માટે ધૂમ્રપાન છોડી દીધું



# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

P.07

અમિતાભ બચ્ચન અને સોની ચેનલ મેનેજમેન્ટ વચ્ચે તણાવ



www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૧૫૪ । વિક્રમ સંવત ૨૦૮૧ : માગશર સુદ૧૪ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 154 • Dt. 12-01-2025 Sunday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


ઉત્તર ભારતમાં ઠંડી વધુ તીવ્ર બનશે । વરસાદ અને હિમવર્ષા થઈ શકે




07

**12**
JANUARY- 2025
SUNDAY



07

રાજધાની દિલ્હી પોલીસે છેલ્લા ૧૦ વર્ષના ગુનાના આંકડા જાહેર કર્યા



















## ભુજના મોખાણા ગામનો કિશોર મોબાઇલ ગેમમાં હારી જતાં અંતિમ પગલું ભર્યું

। પ્રતિનિધિ, ભુજ,તા.૧૧ ।

ભુજ તાલુકાના મોખાણા ગામે કિશોરના મોતનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે જેમાં ૧૭ વર્ષીય કિશોરે મોબાઈલ ગેમમાં હારી જતા ઝેરી દવા પી આપઘાત કરી લેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.પ્રાથમિક રીતે જાણવા મળતી વિગતો મુજબ ભુજ તાલુકાના મોખાણા ગામનો કાર્તિક કાનજીભાઈ મેરિયાનું ઝેરી દવા પી લીધા બાદ સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ગત ૪ જાન્યુઆરીના સાંજે ૭ વાગ્યાના અરસામાં આ બન્યો હતો. ગેમ હારી જવાનો આઘાત લાગતા હતભાગીએ ખેતરમાં નિંદામણ બાળવાની ઝેરી દવા પી લીધી હતી.ભુજની જી.કે. જનરલ હોસ્પિટલમાં ૪ દિવસ સુધી સારવાર ચાલ્યા બાદ ૮ જાન્યુઆરીના કિશોરનું મોત નીપજ્યું હતું. આ બનાવને લઈ સમગ્ર પંથકમાં ભારે શોકની લાગણી ફેલાઈ ગઈ છે. હતભાગી કિશોરના મોબાઈલમાં ઘણી બધી એવી ગેમો છે જેમાં કઈ ગેમમાં હારી જતા તેણે અંતિમ પગલું ભર્યું ? તે દિશામાં પોલીસની તપાસ બાદ સામે આવશે.

## સુરતના અડાજણ વિસ્તારમાં લિફ્ટ દુર્ઘટના,૧ ઓપરેટરનું મોત નીપજ્યું

। પ્રતિનિધિ, સુરત, તા.૧ ।

સુરત અડાજણ વિસ્તારમાં આવેલી એક ઈમારતમાં આજે સવારે એક દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં એક લિફ્ટનું કેબલ અચાનક તૂટી જતાં લિફ્ટ નીચે પડી હતી. આ દુર્ઘટનામાં લિફ્ટ ઓપરેટરનું મોત થયું છે.અડાજણમાં લિફ્ટનું કેબલ તૂટતા લિફ્ટ ઓપરેટરનું મોત થયુ છે. અચાનક કેબલ તૂટી જતા લિફ્ટ નીચે પડી હતી. ગંભીર ઈજાને કારણે સારવાર મળે તે પહેલા જ ઓપરેટરનું મોત કોન્ટ્રાક્ટરની બેદરકારીને કારણે મોત થયાનો પરિવારજનોનો આક્ષેપ છે.મળતી માહિતી મુજબ, લિફ્ટમાં કોઈ તકનીકી ખામી હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. મૃતક લિફ્ટ ઓપરેટરના પરિવારજનોએ લિફ્ટના મરામત કામ માટે જવાબદાર કોન્ટ્રાક્ટરની બેદરકારીને આ દુર્ઘટનાનું કારણ ગણાવ્યું છે.તેમણે આ મામલે કાર્યવાહી કરવાની માંગ કરી છે.

### ગુજરાતનું વાતાવરણ ભયંકર રીતે કરવટ બદલી રહ્યું છે

# વાવાઝોડાની મોટી અસર, ગુજરાતમાં ફરી ભારે વરસાદની આગાહી, બનાસકાંઠામાં છાંટા પડ્યા

**અમદાવાદ, રાજકોટ સહિત રાજ્યભરમાં ઠંડીનો પારો નીચે ગયો, તો બીજી તરફ, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધ્યું**

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૧૧ ।



ગુજરાતનું વાતાવરણ ભયંકર રીતે કરવટ બદલી રહ્યું છે. ઠંડીની આવજા ચાલુ છે. આ વચ્ચે હવે ગુજરાતમાં વાદળો મંડરાયા છે. હવામાન વિભાગના લેટેસ્ટ અપડેટ અનુસાર, આજથી ગુજરાતમાં સંકટના વાદળો છવાશે. ગુજરાતમાં ફરી વાદળો મંડરાયા છે, અને કમોસમી વરસાદની આગાહી આવી છે. બનાસકાંઠામાં વરસાદી છાંટા આવ્યા છે. ગુજરાતમાં ઠંડીનો પારો ઉંચોનીચો થઈ રહ્યો છે. શુક્રવાર સુધી ગુજરાતમાં હાડ થીજવતી ઠંડી પડી રહી હતી. પરંતુ શનિવારથી અચાનક રાજ્યમાં ઠંડીમાં ઘટાડો થઈ છે. જેથી લોકોને રાહત અનુભવાઈ રહી છે. અમદાવાદ, રાજકોટ સહિત રાજ્યભરમાં ઠંડીનો પારો નીચે ગયો છે. તો બીજી તરફ, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધ્યું છે. ઉત્તરાયણ બાદ ઠંડી ઘટવાની હવામાન ખાતાની આગાહી છે. વાતાવરણમાં પલટા બાદ પાલનપુરના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી છાંટા આવ્યા છે. વાદળછાયા વાતાવરણ વચ્ચે કમોસમી વરસાદની શક્યતાઓ દેખાઈ રહી છે. પાલનપુરના જગાણા, ભાગળ લાલાવડા સહિતના ગ્રામ પંથકમાં વરસાદી છાંટા અનુભવાયા છે. ત્યારે આ કમોસમી માવઠાને કારણે ગુજરાતોનો જીવ તાળવે ચોંટ્યો છે. ઘઉં, રાયડો, જીરું જેવા પાકોને લઈને ખેડૂતોની ચિંતા વધી છે.

કમોસમી વરસાદ થાય તો ખેડૂતોને નુકસાનની શક્યતાઓ છે. ૧૨ અને ૧૩ જાન્યુઆરીની વચ્ચે તાજી પશ્ચિમી વિક્ષેપ સક્રિય થશે, જે પૂર્વીય પવનો સાથે ઉત્તર પશ્ચિમ ભારતને અસર કરશે. પશ્ચિમી પવન મધ્ય અને ઉપલા ટ્રોપોસ્ફિયરમાં ચાટ બનાવે છે. જેના કારણે ઉત્તર-પૂર્વ આસામમાં સાયક્લોનિક સરક્યુલેશન સર્જાયું છે. વિષુવ વૃત્તીય હિંદ મહાસાગર, બંગાળની ખાડીના દક્ષિણપૂર્વમાં અને નીચલા ઉષ્ણકટિબંધીય ક્ષેત્રમાં પણ ચક્રવાતનું પરિભ્રમણ રચાયું છે. ઉત્તર તમિલનાડુ અને તેની આસપાસ અન્ય ચક્રવાતનું પરિભ્રમણ પણ રચાયું છે. તાજા હવામાનની અસરને કારણે આસામમાં ૧૨ જાન્યુઆરી સુધી છૂટાછવાયા કરા પડી શકે છે. પશ્ચિમ ભારતમાં હળવા, મધ્યમથી ભારે વરસાદ અને હિમવર્ષાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૧૩ જાન્યુઆરી સુધી દેશના ૧૦ રાજ્યોમાં હળવા, મધ્યમ અને ભારે વરસાદનું એલર્ટ રહેશે. ૨૦ રાજ્યોમાં કેટલીક જગ્યાએ ધુમ્મસ અને કેટલીક જગ્યાએ શીત લહેર રહેશે. પહાડી રાજ્યોમાં હિમવર્ષા થવાની સંભાવના છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે કહ્યં કે, રાજ્યમાં ઉત્તરાયણ બાદ ઠંડીમાંથી રાહત મળશે. દક્ષિણ ગુજરાતમાં ન્યૂનતમ તાપમાન ૨૦ ડિગ્રી સેલ્શિયલ રહેવાની શક્યતા છે. કચ્છ અને ઉત્તર ગુજરાતના કેટલાક ભાગોમાં ઠંડી રહી શકે છે. તો મધ્ય અને ઉત્તર ગુજરાતના કેટલાક ભાગોમાં ન્યૂનતમ તાપમાન વધવાની શક્યતા છે.

## દાંતીવાડામાં વિવાદાસ્પદ ડોક્ટર બિજોલ ભેદરૂને ફરજમુક્ત કરાયાં

। પ્રતિનિધિ, પાલનપુર, તા.૧૦ ।

બનાસકાંઠાના દાંતીવાડા તાલુકા આરોગ્ય અધિકારી ડો. બિજોલ ભેદરૂને ફરજીયાત નિવૃત કરી દેવામાં આવ્યા છે. ૩૪ વર્ષથી ફરજ દરમિયાન હંમેશા વિવાદમાં રહેતા ડોક્ટરની અગાઉ પણ પોલીસે ધરપકડ કરી હતી.બનાસકાંઠા જીલ્લામાં કોઈપણ પ્રકારની ગેરરીતિ મામલે ડોક્ટર બિજોલ ભેદરૂનું નામ સામેલ હોવાનું જોવા મળ્યું છે. અહેવાલ મુજબ ખોટા સર્ટિફિકેટ બનાવવા, સરકારી ઓફિસમાં વીડિયો બનાવવા, બોગસ ડોક્ટરો ઝડપાવા જેવા ગેરકામોમાં તેમની સીધી કે આડકતરી સંડોવણી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ત્યારે આરોગ્ય અધિકારીને ફરજીયાત નિવૃત કરી દેવાયા છે. ૩૪ વર્ષની ફરજ દરમિયાન ડૉ. ભેદરૂ હંમેશા વિવાદમાં રહ્યા હતા. ૧૦ વર્ષ પહેલાં યુવતીની ઉંમરનું ખોટું સર્ટિફિકેટ આપ્યું હતું. ખોટા સર્ટિફિકેટ મામલે પોલીસે ડૉ. બિજોલ ભેદરૂની ધરપકડ કરી હતી.૫ વર્ષ અગાઉ પાલનપુરની સરકારી ઓફિસમાં "ચાલી કિસ્મતની ગાડી ટોપ ગેરમાં રે" ગીત પર ટીકટોક વીડિયો બનાવ્યો હતો. "તારો નંબર દેતી જા, મારો નંબર લેતી જા" ગીત પર યુવતી સાથે ડ્યુએટ કર્યું હતુ. ત્યારબાદ દાંતીવાડાના ભિલાચલ ગામની પ્રસૂતાના મોત મામલે પણ વિવાદમાં આવ્યા હતા.

### બ્રહ્મ સમાજનું ગૌરવ : ધ્રુવ મહેતા

# પ્રાચીન ભારતીય વિજ્ઞાન ભાષણ સંસ્કૃત સ્પર્ધામાં સંપૂર્ણ કર્ણાટકમાં પ્રથમ ક્રમે ગોલ્ડ પ્રમાણપત્ર મેળવ્યું

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૧૦ ।



બ્રહ્મ સમાજનું ગૌરવ : ધ્રુવ મહેતા અમદાવાદ : બેંગ્લોરમાં કર્ણાટક રાજ્ય તરફથી થયેલ પ્રાચીન ભારતીય વિજ્ઞાન ભાષણ સંસ્કૃત સ્પર્ધામાં સંપૂર્ણ કર્ણાટકમાં પ્રથમ ક્રમે ગોલ્ડ પ્રમાણપત્ર મેળવી વિજેતા થનાર રાજીવ ગાંધી રાષ્ટ્રીય સંસ્કૃત યુનિવર્સિટીના વિદ્યાર્થી ધ્રુવ મહેતાએ બ્રહ્મ સમાજનું ગૌરવ વધાર્યુ છે. ધ્રુવ મહેતા ના પિતા તૃપ્તેશે ભાઈ એ એક ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે સંસ્કૃત ભાષાને બ્રાહ્મણ સમાજ જીવિત રાખી રહ્યો છે ભારતીય સંસ્કૃતિ જાળવી રાખવામાં હંમેશા બ્રહ્મ સમાજ આગળ રહ્યો છે મારા પિતાજી ના વારસામાં મળેલ સંસ્કૃત ભાષાને મેં મારા દીકરા ધ્રુવ થકી જીવંત રાખવાનો એક પ્રયાસ કર્યો છે આમ ધ્રુવ મહેતાએ પણ સંસ્કારને વારસામાં જાળવી રાખ્યો છે. તૃપ્તેશભાઈ મહેતાએ વધુમાં જણાવ્યું કે માતૃભાષા ગુજરાતી ની સાથે સાથે સંસ્કૃત ભાષા પણ શીખવી જોઈએ તેમજ અંગ્રેજી ભાષાનું પણ જ્ઞાન હોવું જોઈએ જેથી કરી વિદેશમાં જવાનો મોકો મળે તો અંગ્રેજી ભાષા જરૂરી છે. આજની પેઢીના લોકોને સંદેશ આપતા જણાવ્યું કે પશ્ચિમી સંસ્કૃતિનું અનુકરણ કરવા કરતાં માતાના ગર્ભમાં રહેલ બાળકને ગર્ભ સંસ્કાર કરાવવા જોઈએ જેના કારણે ગર્ભમાં આકાર લઈ રહેલા બાળકમાં સંસ્કૃતનું સૂચન થઈ શકે.

## અમદાવાદમાં તું હાલને હાલ મરી જા, લવમેરેજ બાદ પત્નીના ત્રાસથી પતિએ આત્મહત્યા કરી

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૧૧ ।

શહેરના રાણીપ વિસ્તારમાં પત્નીના ત્રાસથી પતિએ ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. પતિને અન્ય સ્ત્રી સાથે આડા સંબંધ હોવાની શંકા રાખીને પત્ની અવાર નવાર બોલાચાલી ઝઘડા કરી હતી. જેથી કંટાળીને પતિએ દોઢેક વર્ષ અગાઉ પણ દવા પીને આત્મહત્યાની કોશિષ કરી હતી. જોકે ૪થી જાન્યુઆરીના દિવસે ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી લેતા પોલીસે આત્મહત્યા માટે દુષ્પ્રેરણાનો ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.શહેરના નવાવાડજ વિસ્તારમાં આવેલા હરીઓમ એપાર્ટમેન્ટમાં રહેતા મનસુખભાઈ સોનીગરાએ રાણીપ પોલીસ સ્ટેશનમાં પુત્રવધૂ વિરુદ્ધમાં પોલીસ ફરીયાદ દાખલ કરાવી છે. મનસુખભાઈના પુત્ર આશીષે દશેક વર્ષ પહેલા આર્યસમાજમાં લગ્ન કર્યા હતાં. પુત્રએ તેમની મરજી વિરુદ્ધમાં લગ્ન કર્યા હોવાથી તે ફરીયાદીથી અલગ રહેતો હતો.

## રાજકોટમાં નકલી બીડીનું કારખાનું ઝડપાયું, કારખાનું બંધ કરાવ્યું

। પ્રતિનિધિ, રાજકોટ,તા.૧૧

રાજકોટ શહેરના બજરંગવાડી વિસ્તારમાં આવેલ એક ગોડાઉનમાંથી એસઓજી પોલીસે મોટા પ્રમાણમાં નકલી બીડી બનાવતી ફેક્ટરી ઝડપી પાડી છે. પોલીસે મળેલી બાતમીના આધારે દરોડો પાડી આ કારખાનું બંધ કરાવ્યું છે.આ કારખાનામાંથી મોટી માત્રમાં નકલી બીડી, બીડી બનાવવાના કાચા માલ અને મશીનરી મળી આવી છે. પોલીસે આ સંદર્ભમાં એકથી વધુ શખ્સોની ધરપકડ કરી છે અને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, આ ગેંગ લાંબા સમયથી નકલી બીડી બનાવીને બજારમાં વેચતી હતી. આ કારખાનામાં બનાવેલી નકલી બીડીઓને પ્રતિષ્ઠિત બ્રાન્ડના નામથી બજારમાં વેચવામાં આવતી હતી. આ ઘટનાએ શહેરમાં ચકચાર મચાવી દીધી છે. લોકોમાં નકલી બીડીઓ અંગે ચિંતા વ્યાપી ગઈ છે.




### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તરાયણના આ તહેવારને 'આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ' તરીકે વિશ્વભરમાં ખ્યાતિ અપાવી

# અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ - ૨૦૨૫નો શાનદાર પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી

### ગુજરાતીઓના પતંગ પ્રેમને કારણે સૌથી વધુ પતંગો બનાવનારા રાજ્ય તરીકે દેશ અને દુનિયામાં ગુજરાતને ઓળખ મળી

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૧૧ ।




મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૫ના શુભારંભ પ્રસંગે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તરાયણના આ તહેવારને 'આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ' તરીકે વિશ્વભરમાં ખ્યાતિ અપાવી છે.એટલું જ નહિ પતંગોના આ પર્વને આધુનિક આયામો આપ્યા અને સાથો સાથ પ્રવાસન સાથે આ ઉત્સવને પણ જોડ્યો છે. આમ, આ પતંગોત્સવ ગુજરાતની વૈશ્વિક ઓળખ બની ગયો છે, એવું તેમણે ઉમેર્યું હતું.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદથી તિરંગા બલૂનને આકાશમાં ઉડાડીને આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૫નો શાનદાર પ્રારંભ કરાવ્યો હતો.

આ અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, દર વર્ષે દેશ અને દુનિયાના એમ્બેસેડર્સ આ પતંગ મહોત્સવ જોવા ગુજરાત આવે છે. આ વર્ષે કુલ ૧૧ જેટલા દેશોના એમ્બેસેડર ગુજરાત આવ્યા છે. ભૂપેન્દ્ર પટેલે વધુમાં કહ્યું કે, વડાપ્રધાનના વોકલ ફોર વોકલ અભિયાન પતંગોત્સવમાં આવતા પ્રવાસીઓથી ખુબ મોટો વેગ મળ્યો છે. આ ઉત્સવ દરમિયાન ફૂડ સ્ટોલ અને ક્રાફ્ટ સ્ટોલ ધારકોને લાખો રૂપિયાની આવક થાય છે.

એટલું જ નહિ, ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલમાં ગયા વર્ષે સાડા પાંચ લાખથી વધુ લોકો જોડાયાં હતા.

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવથી થયેલા ગુજરાતના પ્રવાસનના વિકાસ અને ગુજરાતના પતંગ ઉદ્યોગ અંગે વાત કરતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, ગુજરાતીઓના પતંગ પ્રેમને કારણે સૌથી વધુ પતંગો બનાવનારા રાજ્ય તરીકે વિશ્વમાં ગુજરાતને ઓળખ મળી છે. અમદાવાદ, નડિયાદ, ખંભાત તેમજ સુરત કાઈટ મેન્યુફેક્ચરીંગના હબ બન્યા છે.

એટલું જ નહિ, આજે દેશના પતંગ માર્કેટમાં ૬૫ ટકા હિસ્સો ગુજરાતનો છે. ગુજરાતમાંથી દર વર્ષે પતંગો અમેરિકા, યુ.કે., કેનેડા જેવા દેશોમાં એકસપોર્ટ પણ થાય છે, એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

આ પ્રસંગે ઉત્તરાયણ પર્વની વાત કરતા મુખ્યમંત્રી એ કહ્યું કે, ઉત્તરાયણ ઉત્સવ દાન તેમજ ધર્મનું અને સૂર્ય નારાયણની ઉપાસનાનું પર્વ છે. એટલું જ નહિ, દાન-મહિમાની પરંપરા સાથે ઉજવાતા આ પર્વમાં પર્યાવરણ પ્રત્યેની સંવેદના પણ સમાયેલી છે. જીવમાત્રની સુરક્ષા માટે સંવેદના દર્શાવીને આ પર્વને સુરક્ષિત રીતે ઉજવવુ જોઈએ તેમજ પતંગ ઉડાડવામાં પણ ખુબ કાળજી રાખવી જોઈએ એવી રાજ્યના દરેક નાગરિકોને મુખ્યમંત્રી દ્વારા અપિલ કરવામાં આવી હતી.આ અવસરે મુખ્યમંત્રી એ ઉતરાયણ અને મકરસંક્રાંતિના પર્વની સૌને શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

---

### ન્યૂ ગુજરાત ઇલેક્ટ્રો હોમિયોપેથિક મેડિકલ પ્રેક્ટીશનર્સ એસોસિએશન દ્વારા

# અમદાવાદ સીટીએમ ખાતે આજે મફત મેડિકલ કેમ્પનું આયોજન

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૧ ।

ઈલેક્ટ્રો હોમિયોપેથી ફક્ત વનસ્પતિઓ પર આધારિત તદન સરળ, વૈજ્ઞાનિક અને નિર્દોષ સારવાર પદ્ધતિ છે. મોર્ડન મેડિસિનમાં અસાધ્ય કહેવાતા ઘણા બધા રોગોની સરળ તેમજ સચોટ સારવાર આ પદ્ધતિ દ્વારા શક્ય છે. નેશનલ પ્રેસિડેન્ટશ્રી હર્ષ મોર્ય એ જણાવ્યું કેઅમારું એસોસિએશન ૧૯૯૮ થી ઈલેક્ટ્રો હોમિયોપેથી ના પ્રચાર પ્રસાર અને તેના વિકાસ માટે નાના-મોટા મફત સારવાર કેમ્પો તેમજ પ્રશિક્ષણ શિબિર નું આયોજન કરીને જનતા જનાર્દનની સેવા કરી રહ્યુ છે.આ સારવાર પદ્ધતિના જનક ડોક્ટર કાઉન્ટ સીઝર મૈટી સાહેબ ના ૨૧૬ માં જન્મદિવસની ઉજવણીની નિમિત્તે અમે એકવાર ફરી એક વિશાળ મફત નિદાન અને સારવાર કેમ્પ તેમજ પ્રશિક્ષણ શિબિર નુ આયોજન કરવા જઈ રહ્યા છીએ. આ સારવાર કેમ્પમાં ૧૦૦૦ કરતા પણ વધુ દર્દીઓની બીમારીઓ નું મફત નિદાન કરી ઈલેક્ટ્રો હોમિયોપેથિક દવાઓ પણ મફત આપવામાં આવશે.પ્રશિક્ષણ શિબિરમાં (સેમિનાર) માં આખા ગુજરાત તેમજ ભારતના અન્ય રાજ્યોમાંથી લગભગ ૪૦૦ જેવા ઈલેક્ટ્રો હોમિયોપેથિક ચિકિત્સકો હાજરી આપશે.આ શૈક્ષણિક સેમિનારમાં ઈલેક્ટ્રો હોમિયોપેથી માં પ્રેક્ટિસ, માર્ગદર્શન તેમજ રોગો ઉપર સારવાર વિશે પ્રશિક્ષણ આપવામાં આવશે. ઈલેક્ટ્રો હોમિયોપેથી ફક્ત વનસ્પતિઓ પર આધારિત તદન સરળ, વૈજ્ઞાનિક અને નિર્દોષ સારવાર પદ્ધતિ છે. મોર્ડન મેડિસિનમાં અસાધ્ય કહેવાતા ઘણા બધા રોગોની સરળ તેમજ સચોટ સારવાર આ પદ્ધતિ દ્વારા શક્ય છે. નેશનલ પ્રેસિડેન્ટશ્રી હર્ષ મોર્ય એ જણાવ્યું કેઅમારું એસોસિએશન ૧૯૯૮ થી ઈલેક્ટ્રો હોમિયોપેથી ના પ્રચાર પ્રસાર અને તેના વિકાસ માટે નાના-મોટા મફત સારવાર કેમ્પો તેમજ પ્રશિક્ષણ શિબિર નું આયોજન કરીને જનતા જનાર્દનની સેવા કરી રહ્યુ છે.આ સારવાર પદ્ધતિના જનક ડોક્ટર કાઉન્ટ સીઝર મૈટી સાહેબ ના ૨૧૬ માં જન્મદિવસની ઉજવણીની નિમિત્તે અમે એકવાર ફરી એક વિશાળ મફત નિદાન અને સારવાર કેમ્પ તેમજ પ્રશિક્ષણ શિબિર નુ આયોજન કરવા જઈ રહ્યા છીએ. આ સારવાર કેમ્પમાં ૧૦૦૦ કરતા પણ વધુ દર્દીઓની બીમારીઓ નું મફત નિદાન કરી ઈલેક્ટ્રો હોમિયોપેથિક દવાઓ પણ મફત આપવામાં આવશે.પ્રશિક્ષણ શિબિરમાં (સેમિનાર) માં આખા ગુજરાત તેમજ ભારતના અન્ય રાજ્યોમાંથી લગભગ ૪૦૦ જેવા ઈલેક્ટ્રો હોમિયોપેથિક ચિકિત્સકો હાજરી આપશે.

વસંત મહેતા ( વરિષ્ઠ પત્રકાર )

### સાબરકાંઠામાં ગોપાલ નમકીનના ગાંઠિયાના પેકેટમાં મૃત ઉંદર નીકળ્યો

। માહિતી બ્યુરો, હિંમતનગર, તા.૧૧ ।

સાબરકાંઠા ખોરાક અને ઔષધી નિયમન વિભાગની કામગીરી કાગળ ઉપર જોવા મળી છે. હિંમતનગર તાલુકાના પ્રેમપુર ગામમાં ગોપાલ નમકીનના ગાંઠીયા ખાધા બાદ બાળકીને ઝાડા અને ઉલટી થયાનો પરિવાર દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે.પ્રેમપુર ગામમાં ગોપાલ નમકીનના ગાંઠિયા ઘરે ખાવા માટે મંગાવ્યા હતા. એક નાની બાળકી અને તેની મમ્મીએ ગાંઠીયા ખાધા હતા. અચાનક ગાંઠીયા ખાધા બાદ નાની બાળકીને ઝાડા અને ઉલટી થતાં બાળકીના પિતા બાળકીને દાવડ સિવિલ હોસ્પિટલમાં લઈ ગયા હતા અને ગાંઠિયાનું પેકેટ ચેક કર્યું તો અંદરથી મરી ગયેલ ઉંદર નીકળ્યો હતો.સૂત્રો ધ્વારા મળતી માહિતી મુજબ તંત્રની મિલીભગતથી સાબરકાંઠાના કેટલાક વેપારીઓ લોકોના આરોગ્યની કોઈપણ પ્રકારની પરવા કર્યા વગર માત્ર પોતાના આર્થિક ફાયદા માટે ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરી રહ્યા છે જેને કારણે ભેળસેળીયા વેપારીયોમાં તંત્રનો ડર રહ્યો નથી. સરકારી ચોપડે બતાવવા પુરતી કામગીરી કરાઈ રહ્યાનું અને મોટા હપ્તાઓ ઉપર સુધી જતા હોવાનું પણ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે અવારનવાર સાબરકાંઠા જિલ્લામાં ખાદ્ય પદાર્થમાંથી ઉંદર ગરોળી સહિતના મૃત જીવો નીકળવાના બનાવો સામે આવ્યા છે ત્યારે સાબરકાંઠા ખોરાક અને ઔષધી નિયમન વિભાગની કામગીરી ફક્ત કાગળ ઉપર હોય તે પ્રમાણેના લાગી રહ્યું છે.









Cyber Octet™

CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

### WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now
C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234
info@cyberoctet.com
www.cyberoctet.com

## જાન્હવીની ‘ઉલઝ’માં જોવા મળશે પહેલી ઝલક

# યશરાજ સ્પાય યુનિવર્સને ટક્કર આપવા નવી જાસૂસી દુનિયાની થઈ રહી છે તૈયાર



જ્યારે યશ રાજ ફિલ્મ્સે નિર્દેશક સિદ્ધાર્થ આનંદ સાથે ફિલ્મ ‘પઠાણ’નું નિર્માણ શરૂ કર્યું ત્યારે તેને સૌ પ્રથમ ‘એક થા ટાઈગર’, ‘ટાઈગર ઝિંદા હૈ’ જેવી ફિલ્મોમાં રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ રાખવાનો વિચાર આવ્યો. અને ‘વોર’ જાસૂસોની આ વાર્તાઓથી પોતાની એક અલગ દુનિયા બનાવી શકાય છે. આ પ છી ટાઈગરે ફિલ્મ ‘પઠાણ’માં એન્ટ્રી કરી. પઠાણની સાથે કબીર ‘ટાઈગર ૩’માં પણ જોવા મળ્યો હતો અને હવે ‘વોર ૨’ અને ‘આલ્ફા’માં આ તમામ જાસૂસો એક જ સ્ક્રીન પર જોવા મળશે. દરમિયાન, ટાઈમ્સ ગ્રૂપની ફિલ્મ નિર્માણ કંપની જંગલી પિક્ચર્સે પણ જાસૂસીની એક અલગ દુનિયા બનાવવાનું કામ શરૂ કર્યું છે. આ જાસૂસો એવા હશે જેમણે લડાઈ અને જાસૂસીની તાલીમ લીધી નથી, પરંતુ તેમના કામથી ખુશ થયા પછી તેમને અન્ય ગુપ્ત સંગઠનના સભ્ય બનાવવામાં આવશે. તેની શરૂઆત જાન્હવી કપૂર ફિલ્મ ‘ઉલઝ’થી થવા જઈ રહી છે. જંગલી પિક્ચર્સની જાસૂસીની દુનિયા ખરેખર ૨૦૧૮ની ફિલ્મ ‘રાઝી’થી શરૂ થાય છે. હરિન્દર સિક્કાની પ્રખ્યાત ઉભી નવલકથા ‘સેહમત કોલિંગ’ પર આધારિત, આ ફિલ્મમાં, આલિયા ભટ્ટે એક ઈછઉ એજન્ટની ભૂમિકા ભજવી હતી, જે પાકિસ્તાનની વહુ તરીકે ઉભો થઈને તે દેશના તમામ રહસ્યો ભારતને પહોંચાડે છે. આલિયા હવે યશરાજ સ્પાય યુનિવર્સનો ભાગ બની ગઈ છે.

# વિક્રાંત મેસીએ તેની ‘નિવૃત્તિ’ પોસ્ટ પર મૌન તોડ્યું

## વધુ પડતું અંગ્રેજી લખાઈ ગયું



વિક્રાંત મેસીએ તાજેતરમાં તેની એક સોશિયલ મીડિયા પોસ્ટથી મૂંઝવણ ઊભી કરી હતી. વાસ્તવમાં, અભિનેતાએ તેની પોસ્ટમાં લખ્યું હતું કે તે ૨૦૨૫માં અભિનયમાંથી બ્રેક લઈ રહ્યો છે, જેના કારણે કેટલાક ચાહકો સમજી ગયા કે તે સંન્યાસ લઈ રહ્યો છે. જોકે, વિક્રાંતે આ બધી ગેરસમજ વિશે વાત કરી અને પોતાના નિવેદન પર સ્પષ્ટતા પણ આપી.એક ઈન્ટરવ્યુમાં વિક્રાંતે કહ્યું, “મેં વિચાર્યું ન હતું કે જીવનમાં આ બધું થશે. હું ૧૨મી ફેલમાં પાસ થયો, અને મારા કામની ખૂબ પ્રશંસા થઈ. મારું સપનું જીવનમાં ફિલ્મફેર મેળવવાનું હતું, તે પણ મને મળ્યું. વિક્રાંતે જણાવ્યું હતું કે, ખાસ કરીને મધ્યમ વર્ગની પૃષ્ઠભૂમિમાંથી આવતા વ્યક્તિ તરીકે તેમને જે ઓળખ મળી છે તેના માટે તે ખૂબ જ આભારી છે. તેમણે કહ્યું, “મધ્યમ-વર્ગીય પરિવારના વ્યક્તિ માટે, વડા પ્રધાનને મળવું, તેમને અને સમગ્ર કેબિનેટને ફિલ્મ જોવી એ મારા માટે ઘણું અર્થ છે, તે પહેલેથી જ એક મોટી ઉપલબ્ધિ છે.”વિક્રાંતે તેની કારકિર્દી પર પડેલી ભાવનાત્મક અને શારીરિક અસર વિશે ખુલીને વાત કરી. “શારીરિક રીતે, હું થાકી ગયો છું,” તેણે સ્વીકાર્યું. તેણે એ પણ ઉલ્લેખ કર્યો કે અંગ્રેજીમાં લખેલી તેની સોશિયલ મીડિયા પોસ્ટમાં થોડી મૂંઝવણ ઊભી થઈ છે. તેમણે કહ્યું, “મને લાગ્યું કે હવે સમય આવી ગયો છે કે વડાપ્રધાન એક એવી ફિલ્મ જોવા જઈ રહ્યા છે જે મારા હૃદયની ખૂબ નજીક છે, અને મેં વિચાર્યું કે અહીંથી જ વસ્તુઓ સારી થઈ શકે છે.

# એનઆરઆઇ ચાહકે અમેરિકાના ગૂગલ મેપ્સમાં બચ્ચનને જગ્યા અપાવી

## બોલિવૂડના સુપર સ્ટાર અમિતાભ બચ્ચનનું નામ ભારતના કે ભારતની બહાર બોલિવૂડની ફિલ્મ્સ જોતાં લોકોના ઘરમાં એક જાણીતું નામ છે



બોલિવૂડના સુપર સ્ટાર અમિતાભ બચ્ચનનું નામ ભારતના કે ભારતની બહાર બોલિવૂડની ફિલ્મ્સ જોતાં લોકોના ઘરમાં એક જાણીતું નામ છે. હવે હિન્દી ફિલ્મ ન જોતાં લોકો પણ તેમને ઓળખવા લાગ્યા છે. આ જ લોકપ્રિયતાને ધ્યાનમાં રાખીને યુએસમાં રહેતાં એક ભારતીય ગોપી સેઠે ન્યૂ જસી શહેરમાં અમિતાભ બચ્ચનનું એક મોટું સ્ટેચ્યું ઉભું કર્યું છે. જે છેલ્લાં થોડાં સમયથી એક જાણીતું ટુરીસ્ટ સ્પોટ બની ગયું છે. આ સ્થળે દુનિયાભરના અમિતાભ બચ્ચનના ફૅન્સ તો આવે જ છે, સાથે સ્થળ ગૂગલ મેપ્સ પર મહત્વના સ્થળમાં સ્થાન પામ્યું છે. ઓગસ્ટ ૨૦૨૨માં અમિતાભ બચ્ચનના એક ખૂબ મોટા પ્રસંશક ગોપી સેઠે એડિસનમાં આવેલાં તેમના ઘરની બહાર આ સ્ટેચ્યુનું ઉદ્દઘાટન કર્યું હતું. જે ન્યૂયોર્ક, મેહટનથી ૩૫ કિલોમીટર સાઉથમાં આવેલું છે. બચ્ચન પ્રત્યેનાં તેમના શુભેચ્છા ભાવથી પ્રેરાઈને તેમણે બચ્ચનને એક અનોખું સન્માન આપવાનું નક્કી કર્યું હતું, જેમાં તેમનું પોતાનું ઘર બોલિવૂડના ફૅન્સ માટે જાણીતું સ્થળ બની ગયું છે. એડિસનમાં ભારતીયો મોટી સંખ્યા રહે છે, તેથી બચ્ચનને ટ્રિબ્યુટ આપવા માટે આ યોગ્ય સ્થળ હતું. આ શહેરની વસતી બોલિવૂડની ફિલ્મો પાછળ ઘેલી છે. ત્યારે સેઠના આ સ્ટેચ્યુથી લોકો માટે પોતાનો પ્રેમ દર્શાવવા એક નવો ઉમેરો થયો છે. આ સ્ટેચ્યુ ઊભું કરાયું તેના થોડાં જ વખતમાં તે જાણીતું થઈ ગયું હતું. લોકો ત્યાં વધુ સંખ્યામાં આવતા ગયા અને ગૂગલે તેને ટુરિસ્ટ એટ્રેક્શન સાઈટ તરીકે નોંધ પણ લીધી.

# રેપર-સિંગર બાદશાહને ગુરુગ્રામ પોલીસે ફટકાર્યો મોટો દંડ



રેપર-સિંગર બાદશાહને એક ભૂલ ભારે પડી છે. ગુરુગ્રામ પોલીસે રેપર-સિંગરનું ટ્રાફિક નિયમો ફોલો ન કરવાના કારણે ચલણ કાપ્યું છે. બાદશાહ ગુરુગ્રામમાં એક કોન્સર્ટમાં સામેલ થવા માટે આવ્યો હતો. જે ગાડીમાં બાદશાહ સવાર હતો, તે ગાડી રોંગ સાઈડમાં ચલાવવામાં આવી રહી હતી. ત્યારે ટ્રાફિક પોલીસે બાદશાહનું ચણલ કાપ્યું છે. બાદશાહ ગુરુગ્રામના સેક્ટર ૬૮માં એયરિયા મોલમાં આયોજિત કરણ ઔજલાના કોન્સર્ટમાં આવ્યો હતો. પ્રાપ્ત માહિતી પ્રમાણે બાદશાહ બ્લેક રંગની થાર કારમાં ગુરુગ્રામ પહોંચ્યો હતો. આ ગાડી પાણીપતના એક યુવકના નામે રજિસ્ટર્ડ છે. બીજી તરફ બાદશાહની કાર રોંગ સાઈડમાં ચલાવવા પર સોશિયલ મીડિયા પર લોકોએ સવાલો ઉઠાવતા પોલીસ પણ એક્શનમાં આવી ગઈ અને કાર્યવાહી કરતા ટ્રાફિકના નિયમો તોડવા બદલ રેપર-સિંગરને મોટો દંડ ફટકાર્યો છે. તમને જણાવી દઈએ કે, રોંગ સાઈડમાં ગાડી ચલાવવા બદલ ગુરુગ્રામ પોલીસે બાદશાહ પાસેથી મોટો દંડ વસૂલ્યો છે.

# પતિ સાથે અંડર વોટર રોમાન્સ કરતી જોવા મળી એક્ટ્રેસ

## ફરી એક વખત એક્ટ્રેસ ચર્ચામાં આવી

બોલીવૂડની દબંગ ગર્લ સોનાક્ષી સિન્હા હાલમાં પોતાની પર્સનલ લાઈફને કારણે જ વધારે ચર્ચામાં રહે છે. હાલમાં જ શક્તિમાન ફેમ એક્ટર મુકેશ ખન્ના સાથેના વિવાદને કારણે સોનાક્ષી સોશિયલ મીડિયા પર ચર્ચામાં રહી હતી.હવે ફરી એક વખત એક્ટ્રેસ ચર્ચામાં આવી છે અને આ વખતે તે પતિ ઝહિર ઈકબાલ સાથેના વેકેશન ફોટોને કારણે ચર્ચામાં છે. અહીંયા તમારી જાણ માટે કે ઝહિર અને સોનાક્ષીના લગ્નને હજી છ જ મહિના થયા છે અને બંને જણ અવારનવાર વેકેશન પર જતા હોય છે અને ત્યાંથી ફોટો સોશિયલ મીડિયા પર શેર કરતાં રહે છે.સોનાક્ષી સિન્હા અને ઝહિર ઈકબાલે આ જ વર્ષે જૂન મહિનામાં લગ્ન કર્યા હતા અને લગ્ન થયા છે ત્યારથી આ કપલ એકબીજા સાથે ક્વોલિટી ટાઈમ સ્પેન્ડ કરતું જોવા મળી રહ્યું છે. સોનાક્ષી અને ઝહિર સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ રહે છે. બંને જણ સોશિયલ મીડિયા પર વેકેશનના ફોટો ફેન્સ સાથે શેર કરતાં રહે છે.સોનાક્ષીએ હાલમાં પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ આઈડી પરથી વેકેશનના કેટલાક લેટેસ્ટ ફોટો શેર કર્યા છે. આ ફોટોમાં સોનાક્ષી અને ઝહિર સમુદ્રમાં અંડર વોટર રોમેન્ટિક થતા જોવા મળી રહ્યા છે. બંને જણે આ સમયે મેચિંગ સ્વિમિંગ કોસ્ચ્યુમ પહેર્યો છે. આ કપલ સમુદ્રની વચ્ચોવચ્ચ બોટ પર સેલ્પી લેતો જોવા મળી રહ્યો છે. બોલીવૂડની દબંગ ગર્લ સોનાક્ષી સિન્હા હાલમાં પોતાની પર્સનલ લાઈફને કારણે જ વધારે ચર્ચામાં રહે છે.બોલીવૂડની દબંગ ગર્લ સોનાક્ષી સિન્હા હાલમાં પોતાની પર્સનલ લાઈફને કારણે જ વધારે ચર્ચામાં રહે છે.



# પિતાએ એકટિંગની ના પાડી તો ઘર છોડી દીધું આવો છે વિજય વર્માનો પરિવાર

હૈદરાબાદનો રહેવાસી વિજય પોતાના પરિવારમાં સૌથી નાનો છે. બાળપણમાં પિતા-પુત્ર ખુબ જ નજીક હતા. વિજયના પિતા હૈદરાબાદમાં હેન્ડીક્રાફટનો બિઝનેસ હતો અને પિતાની ઈચ્છા હતી કે, તેનો આ બિઝનેસ તેનો દિકરો વિજય સંભાળે પરંતુ વિજયનું સપનું કાંઈ અલગ જ હતુ. જ્યારે વિજય વર્માએ તેના પિતાને એક્ટિંગ ઈન્ડસ્ટ્રીમાં સામેલ થવાની વાત કરી તો તેના પિતાએ આ વાતનો વિરોધ કર્યો હતો. એક રિપોર્ટમાં પણ તેમણે કહ્યું છે કે, જ્યારે તેના પિતાએ સપોર્ટ ન કર્યો તો તે ઘરથી ભાગી ગયો હતો. ૮ વર્ષ સુધી પિતા સાથે વાત પણ કરી ન હતી. વિજય વર્મા એક અભિનેતા છે જે મુખ્યત્વે હિન્દી ફિલ્મો અને વેબ સિરીઝમાં જોવા મળે છે. ક્રાઈમ ડ્રામા ફિલ્મ પિંક (૨૦૧૬) થી ઓળખ મેળવતા પહેલા તેણે ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયામાંથી સ્નાતક થયો. આ પછી મિડલ ક્લાસ અબ્બાય (૨૦૧૭), ગલી બોય (૨૦૧૯) અને બાગી ૩ (૨૦૨૦)માં સહાયક ભૂમિકામાં જોવા મળ્યો હતો. ત્યારબાદ તેણે મિર્ઝાપુર (૨૦૨૦-હાલ), ડાર્લિંગ્સ (૨૦૨૨), દહાડ (૨૦૨૩), કાલકુટ (૨૦૨૩) અને જાને જાન (૨૦૨૩) સહિત અનેક સ્ટ્રીમિંગ પ્રોજેક્ટ્સમાં અભિનય કર્યો છે.



# સલમાને લૉંચ કરી તો જાણે, ખોવાયેલાં બાળક જેવું લાગ્યું : ઝરીન

ઝરીન ખાને ૨૦૧૦માં ‘વીર’ ફિલ્મથી બોલિવૂડમાં ડેબ્યુ કર્યું હતું. સલમાન ખાને તેને લોંચ કરી હતી. એ વખતે દેખાવમાં સમાનતાને કારણે ઝરીન ખાનની સરખામણી કેટરિના કેફ સાથે થતી હતી. તાજેતરમાં જ ઝરીને એક પોડકાસ્ટમાં જણાવ્યું કે ‘વીર’ પછી તેનું જીવન કેવું થઈ ગયું હતું. ઝરીન ખાનને પૂછવામાં આવ્યું કે ફિલ્મમાં ડેબ્યુ કર્યા પછી તેને કેવું લાગ્યું અને તેનો અનુભવ કેવો રહ્યો. ત્યારે ઝરીને કહ્યું કે તેનો બહુ ખરાબ અનુભવ હતો અને તેને ઘણી ટીકાનો સામના કરવો પડ્યો હતો. ઝરીન માટે આ ફિલ્મ જીવન બદલનારી ક્ષણ હતી, તો ઝરીને કહ્યું કે શરૂઆતમાં તે બહુ ખુશ હતી કે તેની સરખામણી કેટરિના કેફ સાથે થાય છે. તેણે કહ્યું,“મારા માટે, જે એક વજનદાર હોય, તેની સરખામણી કેટરિના સાથે થાય તે બહુ મોટી વાત હતી.” જોકે, ઈન્ડસ્ટ્રીમાં કેટરિના જેવી દેખાતી હોવાથી તેની કૅરિઅર પર મોટું બૅકફાયર થયું. આ જ પ ોડકાસ્ટમાં ઝરીન ખાને યાદ કર્યું કે બોલિવૂડની જાણીતી હસ્તીઓ આ ફિલ્મની રિલીઝ બાદ તેને એરોગન્ટ ગણતાં હતાં. ઝરીને કહ્યું કે, તેને જાણે એક “ખોવાયેલાં બાળક” જેવું લાગતું હતું, જે ઈન્ડસ્ટ્રીમાં નવું હતું અને કોઈને ખાસ ઓળખતું નહોતું. તેણે કહ્યું,“હું ખચકાતી હતી, તેથી મૌન રહેતી હતી. તો એ લોકો એવું વિચારતા કે હું એરોગન્ટ છું. લોકો કહેતાં કે સલમાને મને લોંચ કરી એટલે હું આટલી એરોગન્ટ છું.” ઝરીન ખાને આગળ કહ્યું, કે તેની સરખામણી થવા લાગી તો શરૂઆતમાં તો ગમ્યું પણ પછી હું ઘરમાં જ રહેવા લાગી. પરંતુ પછી લાગ્યું કે લાંબો વખત સુધી અપસેટ રહેવાનો કોઈ અર્થ નથી. પછી ઝરીન ખાન ઈન્ડસ્ટ્રીથી દૂર થઈ ગઈ.



# કામઢી રાધિકા : માતા બન્યાના આઠ દિવસમાં જ કામેં લાગી

## અભિનેત્રી રાધિકા આપ્ટે હવે જાણીતું નામ બની ગઈ છે

ન્યુ બોર્ન બેબી સાથે રાધિકા આપ્ટેનો ફોટો વાયરલ થયો છે જેમાં તેણીબાળકના જન્મના ૮ દિવસમાં જ કામેં લાગી ગઈ હોવાનું દેખાઈ રહ્યું છે.રાધિકાએ ૧૩ ડિસેમ્બરે તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પોતાના બાળક સાથેની પહેલી તસવીર પણ શેર કરી દીધી. જેમાં તે પોતાની નાનકડી દીકરી અને લેપટોપ સાથે જોવા મળે છે અભિનેત્રી રાધિકા આપ્ટે હવે જાણીતું નામ બની ગઈ છે. થોડા સમય પહેલા જ તેણે પોતાની પ્રેગનેન્સી અનાઉન્સ કરી હતી. લગ્નના ૧૨ વર્ષ પછી તે માતા બની છે અને તેણે એક અઠવાડિયા પહેલા જ દીકરીને જન્મ આપ્યો છે. રાધિકાએ ૧૩ ડિસેમ્બરે તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પોતાના બાળક સાથેની પહેલી તસવીર પણ શેર કરી દીધી. જેમાં તે પોતાની નાનકડી દીકરી અને લેપટોપ સાથે જોવા મળે છે. રાધિકા આપ્ટે પોતાના ઈન્સ્ટાગ્રામ પર દિકરી સાથેનો એક ફોટો શેર કર્યો છે. આ ફોટોના કેપ્શનમાં તેણે લખ્યું છે કે, દીકરીના જન્મ પછી એક અઠવાડિયાના બાળક સાથે કામ ફરીથી શરૂ. જોકે રાધિકા કોમેન્ટમાં એવું નથી જણાવ્યું કે તેને દીકરીને જન્મ આપ્યો છે કે દીકરાએ. પરંતુ તેની એક મિત્ર સારા અફઝલે કોમેન્ટ કરી છે અને તેમાં તેણે લખ્યું છે સૌથી સારી છોકરીઓ.આ કોમેન્ટ પરથી અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે રાધિકા આપ્ટે એ દીકરીને જન્મ આપ્યો છે.મહત્વનું છે કે રાધિકા વર્ષ ૨૦૧૨માં બ્રિટિશ વાઈલીનીસ્ટ અને સંગીતકાર બેનેડીકટ ટેલર સાથે લગ્ન કર્યા હતા. રાધિકા આપ્ટે પોતાની પર્સનલ લાઈફને લાઈમલાઈફથી દૂર રાખે છે. રાધિકા આપ્ટેએ તેની પ્રેગ્નન્સી પણ પ્રાઈવેટ રાખી હતી.



# ઉત્તર ભારતમાં ઠંડી વધુ તીવ્ર બનશે । વરસાદ અને હિમવર્ષા થઈ શકે





કાશ્મીર ઠંડું પડી રહ્યું છે, હિમાચલમાં બરફ પડી રહ્યો છે, ઉત્તરાખંડમાં વરસાદથી ઠંડી વધી ગઈ છે અને દિલ્હી-એનસીઆર ધુમ્મસની ચાદરથી ઢંકાયેલું છે. સમગ્ર ઉત્તર ભારત હાલમાં તીવ્ર ઠંડીની લપેટમાં છે અને ધુમ્મસના જાડા પડદાને કારણે વિમાનો, બસો અને ટ્રેનોની ગતિ ધીમી પડી ગઈ છે. ઓછી દશ્યતાને કારણે ઘણી ટ્રેનો અને ફ્લાઈટ્સ રદ કરવી પડી છે. જો હવામાન વિભાગનું માનવું હોય તો, આગામી થોડા દિવસો સુધી ઉત્તર ભારતમાં હવામાન તબાહી મચાવશે. દિલ્હીમાં સપ્તાહના અંતે એટલે કે ૧૨ અને ૧૩ જાન્યુઆરીએ ઠંડીની લહેર સાથે વરસાદની શક્યતા છે. બીજી તરફ, આજે હિમાચલ, ઉત્તરાખંડ, રાજસ્થાન, પંજાબ અને હરિયાણામાં પણ વરસાદની આગાહી છે. દિલ્હી એનસીઆરમાં ગાઢ ધુમ્મસને કારણે ઘણી ટ્રેનો મોડી ચાલી રહી છે. ઘણી ટ્રેનોના રૂટ ડાયવર્ટ કરવામાં આવ્યા છે. દિલ્હીથી આવતી અને જતી ૨૬ ટ્રેનો મોડી ચાલી રહી છે. ૮ ટ્રેનોના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં ૮ માંથી ૪ ટ્રેનોના સમય બે વાર બદલવામાં આવ્યા છે.દિલ્હી ઉપરાંત, ઘણા રાજ્યોમાં વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશમાં વરસાદ પડી શકે છે. જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશના પર્વતો પર ભારે હિમવર્ષા થઈ શકે છે.

## આમિર ખાને પોતાના દીકરા જુનૈદ માટે ધૂમ્રપાન છોડી દીધું



। મુંબઇ, તા.૧૧ ।

મુંબઈમાં આમિર ખાનની ફિલ્મ 'લવયાપા' ના ટ્રેલર લોન્ચ પ્રસંગે, જેમાં તેમના પુત્ર જુનૈદ ખાન અને શ્રીદેવી અને બોની કપૂરની પુત્રી ખુશી કપૂર અભિનીત છે, સુપરસ્ટાર આમિર ખાને ખુલાસો કર્યો કે તેમણે ધૂમ્રપાનની તેમની લાંબા સમયથી ચાલતી ખરાબ આદત છોડી દીધી છે. અભિનેતાએ કહ્યું કે તેઓ સિગારેટ અને પાઈપ પીવાનો આનંદ માણવા માટે. પહેલી વાર ધૂમ્રપાન વિશે વાત કરતાં આમિર ખાને કહ્યું, 'તે એવી વસ્તુ હતી જેનો મને ખરેખર આનંદ આવ્યો. તમાકુ એવી વસ્તુ છે જે મને ખાવાની ખૂબ મજા આવે છે. સારું, આ સ્વાસ્થ્ય માટે સારું નથી. મને ખુશી છે કે મેં આ ખરાબ આદત છોડી દીધી. આમિર ખાને સ્પષ્ટતાથી કહ્યું, 'ધૂમ્રપાન એ એવી વસ્તુ છે જે મને ખૂબ ગમે છે, મને તેનો આનંદ આવે છે.' હું ઘણા વર્ષોથી સિગારેટ પીઉં છું, હવે હું પાઈપ પીઉં છું. તમાકુ એવી વસ્તુ છે જે મને ગમે છે; આ સ્વાસ્થ્ય માટે સારું નથી અને કોઈએ પણ આવું ન કરવું જોઈએ.

### વર્ષ ૨૦૨૪ માં બળાત્કારના ૨૦૭૬ કેસ

## રાજધાની દિલ્હી પોલીસે છેલ્લા ૧૦ વર્ષના ગુનાના આંકડા જાહેર કર્યા

**૨૦૨૩ માં, રાજધાનીમાં ૧૬૫૪ કેસ નોંધાયા હતા, પરંતુ ૨૦૨૪ માં, લૂંટની ઘટનાઓની સંખ્યા ઘટીને ૧૫૧૦ થઈ ગઈ. જ્યાં વર્ષ ૨૦૨૩માં દિલ્હીમાં ૪૪ રમખાણો થયા હતા**

। નવીદિલ્હી, તા.૧૧ ।

દિલ્હી પોલીસે દિલ્હીમાં બનતા ગુનાઓના આંકડા જાહેર કર્યા છે. દિલ્હી પોલીસે છેલ્લા ૧૦ વર્ષના ગુનાના રેકોર્ડ જાહેર કર્યા છે. તમને જણાવી દઈએ કે દિલ્હીમાં વિધાનસભા ચૂંટણી માટે મતદાન ૫ ફેબ્રુઆરીએ થવાનું છે. તે પહેલાં, દિલ્હી પોલીસ દ્વારા આ આંકડા જાહેર કરવામાં આવ્યા છે. અરવિંદ કેજરીવાલ અને આમ આદમી પાર્ટી હંમેશા દિલ્હીમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર પ્રશ્નો ઉઠાવતા આવ્યા છે. આ ચૂંટણીમાં દિલ્હીનો ગુનાનો ગ્રાફ એક મોટો મુદ્દો છે. દિલ્હી પોલીસના જણાવ્યા અનુસાર, વર્ષ ૨૦૨૩માં દિલ્હીમાં લૂંટના ૨૯ કેસ નોંધાયા હતા, જ્યારે ૨૦૨૪માં પણ લૂંટના કેસોની સંખ્યા ૨૯ રહી હતી.માહિતી અનુસાર, દિલ્હીમાં વર્ષ ૨૦૨૩માં ૫૦૬ હત્યાઓ થઈ હતી, જ્યારે વર્ષ ૨૦૨૪માં ૫૦૪ લોકોની હત્યા કરવામાં આવી હતી. જો આપણે લૂંટની વાત કરીએ તો,



૨૦૨૩ માં, રાજધાનીમાં ૧૬૫૪ કેસ નોંધાયા હતા, પરંતુ ૨૦૨૪ માં, લૂંટની ઘટનાઓની સંખ્યા ઘટીને ૧૫૧૦ થઈ ગઈ. જ્યાં વર્ષ ૨૦૨૩માં દિલ્હીમાં ૪૪ રમખાણો થયા હતા, તો વર્ષ ૨૦૨૪માં આ આંકડો ૩૩ હતો. ૨૦૨૩ અને ૨૦૨૪ના વર્ષોમાં દિલ્હીમાં અપહરણના ૧૩ કેસ નોંધાયા હતા. વર્ષ ૨૦૨૩માં બળાત્કાર જેવા ગંભીર ગુનાઓના ૨૧૪૧ કેસ નોંધાયા હતા, જ્યારે વર્ષ ૨૦૨૪માં આ આંકડો ૨૦૭૬ નોંધાયો હતો. માહિતી અનુસાર, વર્ષ ૨૦૨૩માં છીનવાઈ જવાના ૭૮૮૬ બનાવો બન્યા હતા અને વર્ષ ૨૦૨૪માં આ આંકડો ઘટીને ૬૪૯૩ થઈ ગયો. રાજધાની દિલ્હીમાં વર્ષ ૨૦૨૩માં મહિલાઓ પર અત્યાચારના ૨૩૪૫ બનાવો બન્યા હતા અને વર્ષ ૨૦૨૪માં આ આંકડો ઘટીને ૨૦૩૭ થઈ ગયો. વર્ષ ૨૦૨૩માં, દિલ્હી પોલીસે ઈવ ટીઝિંગના ૩૮૧ કેસ નોંધ્યા હતા.

### લુધિયાણા પશ્ચિમ મતવિસ્તારના

## આપ ધારાસભ્ય ગોગીનું ગોળી વાગતાં શંકાસ્પદ સંજોગોમાં મોત

**ગોળીબારનો અવાજ સંભળાતા જ તેમના પરિવારનસભ્યો અને તેમની સુરક્ષા માટે તૈનાત સ્ટાફ રૂમમાં પહોંચી ગયા અને તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા**

। ચંડીગઢ, તા.૧૧ ।

લુધિયાણા પશ્ચિમ મતવિસ્તારના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગુરપ્રીત ગોગી બસ્સીનું શુક્રવારે મોડી રાત્રે શંકાસ્પદ સંજોગોમાં ગોળી મારવામાં આવ્યા બાદ મૃત્યુ થયું. કહેવામાં આવી રહ્યું છે કે ગુરપ્રીત ગોગીના માથામાં ગોળી વાગી છે. ગોળી કેવી રીતે ચલાવવામાં આવી અને કોણે ચલાવી તે હજુ સુધી સ્પષ્ટ થયું નથી.ગોળીબારનો અવાજ સંભળાતા જ તેમના પરિવારના સભ્યો અને તેમની સુરક્ષા માટે તૈનાત સ્ટાફ રૂમમાં પહોંચી ગયા અને તેમને ડ્ઢસ્ઝ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા. માહિતી મળતાં, ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને પોલીસ સ્ટેશન ડિવિઝન આઠના અધિકારીઓ, ઘુમરમંડી ચોકીની પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી ગયા. મોડી રાત્રે, ધારાસભ્યના મૃત્યુના સમાચાર સાંભળ્યા પછી, ઘણા લોકો તેમના ઘર અને હોસ્પિટલમાં પહોંચી ગયા. શુક્રવારે સાંજે તેઓ શહેરના લોકોની સમસ્યાઓ સાંભળી રહ્યા હતા. કોંગ્રેસમાં રાજકીય કારકિર્દી શરૂ કરનાર ગુરપ્રીત ગોગી ભૂતપૂર્વ કેબિનેટ મંત્રી અને કોંગ્રેસ નેતા ભારત ભૂષણ આશુના નજીકના હતા. પાછલી સરકારમાં ભૂતપૂર્વ મંત્રી સાથેના સંબંધોમાં ખટાશ આવવાને કારણે, તેઓ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીના થોડા સમય પહેલા કોંગ્રેસ છોડીને છઉઁમાં જોડાયા હતા. આપે તેમને આશુ સામે પણ મેદાનમાં ઉતાર્યા હતા. ગોગી પોતાના જ રાજકીય માર્ગદર્શકને હરાવવામાં સફળ રહ્યા અને મોટા માર્જિનથી જીત્યા.ગોગીએ પોતાની સરકાર સામે પણ મોરચો ખોલ્યો હતો. તેમણે બુઢા દરિયા પ્રોજેક્ટના શિલાન્યાસની તકતી પણ તોડી નાખી. આ વિસ્તારમાં ચાર વખત કાઉન્સિલર રહી ચૂકેલા ગોગીએ આ વખતે નાગરિક ચૂંટણીમાં તેમની પત્ની ડૉ. સુખચૈન કૌર ગોગીને મેદાનમાં ઉતાર્યા.

## અમિતાભ બચ્ચન અને સોની ચેનલ મેનેજમેન્ટ વચ્ચે તણાવ



। મુંબઇ, તા.૧૧ ।

શું 'કૌન બનેગા કરોડપતિ' ટીઆરપીમાં 'સીઆઈડી' થી પાછળ રહ્યા પછી તેને બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે? ટીવી ચેનલ સોની આ પ્રશ્નનો જવાબ આપવા તૈયાર નથી. પરિસ્થિતિ એવી છે કે ગેમ શો 'કૌન બનેગા કરોડપતિ'નું પ્રસારણ કરતી ટીમ હંમેશા છેલ્લી ઘડી સુધી ચિંતિત રહે છે કે તેઓ આગામી એપિસોડ ક્યારે તૈયાર કરશે? આજકાલ, સોની ચેનલ પર અમિતાભ બચ્ચન અને ચેનલ મેનેજમેન્ટ વચ્ચેનો તણાવ ચરમસીમાએ હોવાનું કહેવાય છે, જે એક સમયે અઠવાડિયા અગાઉથી એપિસોડ તૈયાર કરતી હતી.સૂત્રો જણાવે છે કે બધી તૈયારીઓ પૂર્ણ થયા પછી આ અઠવાડિયામાં ઓછામાં ઓછા બે વખત 'કૌન બનેગા કરોડપતિ' સિરિયલનું શૂટિંગ છેલ્લી ઘડીએ રદ કરવામાં આવ્યું હતું. આ કારણે પરિસ્થિતિ એટલી નાજુક બની ગઈ કે જો અમિતાભ બચ્ચને બુધવારે શૂટિંગ માટે હા ન પાડી હોત, તો આ અઠવાડિયે જ શો બંધ થઈ શક્યો હોત. કોઈક રીતે, અમિતાભે પોતાની પ્રસ્તુતિની જવાબદારીઓ નિભાવતા, બુધવારે ભારે હૃદયથી શોનું શૂટિંગ કર્યું.

## બદલાયેલા નિયમો હેઠળ પ્રથમ વખત નવા સીઈસીની નિમણૂક કરવામાં આવશે

। નવીદિલ્હી, તા.૧૧ ।

દિલ્હીમાં ચૂંટણીની તારીખો જાહેર થઈ ગઈ છે. આ દરમિયાન, મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારની નિવૃત્તિની તારીખ પણ નજીક આવી રહી છે. દિલ્હીમાં મતદાન અને પરિણામો જાહેર થયાના થોડા દિવસો પછી સીઈસી તેમના પદ પરથી નિવૃત્ત થશે. આવી સ્થિતિમાં, રાજીવ કુમાર પછી પહેલીવાર નવા મુખ્ય ચૂંટણી કમિશનરની નિમણૂક બદલાયેલા નિયમો હેઠળ કરવામાં આવશે. અગાઉ, મુખ્ય ચૂંટણી કમિશનરની પેનલમાં ભારતના મુખ્ય ન્યાયાધીશ પણ સામેલ હતા. પરંતુ નવા કાયદામાં,સીજેઆઈને પેનલમાંથી બાકાત રાખવામાં આવ્યા છે. આવી સ્થિતિમાં, સુપ્રીમ કોર્ટ હવે આ નવા કાયદા પર નજર રાખશે. આ કાયદાની માન્યતાને પડકારવામાં આવી છે.મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનર (નિમણૂક, સેવાની શરતો અને કાર્યકાળ) અધિનિયમ, જે ડિસેમ્બર ૨૦૨૩ માં અમલમાં આવ્યો હતો.

## રામલલા પ્રાણ પ્રતિષ્ઠાની પ્રથમ વર્ષગાંઠ પર પ્રધાનમંત્રીએ દેશવાસીઓને અભિનંદન પાઠવ્યા

। નવીદિલ્હી, તા.૧૧ ।

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઉત્તર પ્રદેશના અયોધ્યામાં રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠાની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે દેશવાસીઓને શુભેચ્છા પાઠવી હતી. પીએમએ પોસ્ટ પર લખ્યું, 'અયોધ્યામાં રામ લલ્લાની સ્થાપનાની પ્રથમ વર્ષગાંઠ પર તમામ દેશવાસીઓને શુભકામનાઓ.' સદીઓના ત્યાગ, તપસ્યા અને સંઘર્ષ દ્વારા બનેલ આ મંદિર આપણી સંસ્કૃતિ અને આધ્યાત્મિકતાનો એક મહાન વારસો છે. મને વિશ્વાસ છે કે આ દિવ્ય અને ભવ્ય રામ મંદિર વિકસિત ભારતના સંકલ્પને પ્રાપ્ત કરવામાં એક મહાન પ્રેરણા બનશે.તમને જણાવી દઈએ કે ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા શ્રી રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. હવે એક વર્ષ પૂર્ણ થયા બાદ, અયોધ્યામાં ત્રણ દિવસીય ઉત્સવનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ સમય દરમિયાન,વીવીઆઈપી દર્શન પર પ્રતિબંધ રહેશે. મંદિર ટ્રસ્ટના જણાવ્યા અનુસાર, ૧૧ થી ૧૩ જાન્યુઆરી દરમિયાન યોજાનારી આ ઉજવણીનો હેતુ ગયા વર્ષે ઐતિહાસિક સમારોહમાં હાજરી આપી ન શક્યા હોય તેવા સામાન્ય જનતા ઉપરાંત લગભગ ૧૧૦ આમંત્રિત વીઆઈપી લોકોને પણ સામેલ કરવાનો છે.જોકે, ત્રણ દિવસના ઉત્સવ દરમિયાન વીવીઆઈપી પાસ રદ રહેશે. આ ઉપરાંત દર્શનનો સમય પણ વધારવામાં આવ્યો છે.

### અમેરિકન કોર્ટે હશ મની કેસમાં દોષિત ઠેરવ્યા

**ન્યાયાધીશે ટ્રમ્પને બિનશરતી મુક્તિ આપવાનો આદેશ આપ્યો. આનો અર્થ એ થયો કે ટ્રમ્પને ન તો જેલમાં જવું પડશે અને ન તો કોઈ દંડ ભરવો પડશે**

## પોર્ન સ્ટાર કેસમાં ડોનાલ્ડ ટ્રમ્પ દોષિત જાહેર, દોષિત જાહેર થનારા પહેલા રાષ્ટ્રપતિ બન્યા

। ન્યૂયોર્ક, તા.૧૧ ।

અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને અમેરિકન કોર્ટે હશ મની કેસ (પોર્ન સ્ટાર કેસ) માં દોષિત ઠેરવ્યા છે. જોકે, ટ્રમ્પ જેલ જવાથી બચી ગયા. ન્યૂ યોર્કના ન્યાયાધીશ જુઆન મર્ચને ડોનાલ્ડ ટ્રમ્પને પોર્ન સ્ટાર સ્ટોર્મી ડેનિયલ્સને ચૂપ રહેવા માટે પૈસા આપવા બદલ દોષિત ઠેરવ્યા હતા પરંતુ તેમને સજા ફટકારી ન હતી.અહેવાલ મુજબ, ન્યાયાધીશે ટ્રમ્પને બિનશરતી મુક્તિ આપવાનો આદેશ આપ્યો. આનો અર્થ એ થયો કે ટ્રમ્પને ન તો જેલમાં જવું પડશે અને ન તો કોઈ દંડ ભરવો પડશે. કોર્ટના આદેશ મુજબ, ટ્રમ્પ ચોક્કસપણે જેલ જવાથી બચી ગયા હતા પરંતુ તેનાથી તેમના રાજકીય કારકિર્દી પર ડાઘ પડી ગયો. કારણ કે આ પહેલી વાર છે જ્યારે કોઈ રાષ્ટ્રપતિને કોઈ ગુનામાં દોષિત ઠેરવવામાં આવ્યા છે. આ સાથે હવે મામલો



અહીં સમાપ્ત થાય છે.ટ્રમ્પને તેમની બિનશરતી મુક્તિથી મોટી રાહત મળી. અહેવાલો અનુસાર, મેનહટનના ન્યાયાધીશ જુઆન એમ. મર્ચન ટ્રમ્પને ચાર વર્ષ સુધીની જેલની સજા ફટકારી શક્યા હોત. જોકે, તેમણે એક એવો ચુકાદો પસંદ કર્યો જેણે અનેક બંધારણીય મુદ્દાઓ ઉભા થતા અટકાવ્યા અને અસરકારક રીતે કેસનો ઉકેલ લાવ્યો. કોર્ટના આ નિર્ણયને ટ્રમ્પ માટે મોટી રાહત તરીકે જોવામાં આવી રહ્યો છે અને તેનાથી તેમના માટે રાષ્ટ્રપતિ તરીકે બીજા કાર્યકાળ માટે વ્હાઈટ હાઉસ પાછા ફરવાનો માર્ગ પણ સાફ થઈ ગયો છે.ટ્રમ્પ પહેલા અમેરિકી રાષ્ટ્રપતિ હશે જેમને ફોજદારી ગુનામાં દોષિત ઠેરવવામાં આવશે અને ઔપચારિક રીતે સજા ફટકારવામાં આવશે. આ કેસ ૨૦૧૬ ની રાષ્ટ્રપતિની ચૂંટણી દરમિયાન ટ્રમ્પ દ્વારા પોર્ન સ્ટાર સ્ટોર્મી ડેનિયલ્સને તેમના એક સહાયક દ્વારા જીઇ ૧,૩૦,૦૦૦ ચૂકવવા સાથે સંબંધિત છે જેથી તેણીએ તેમની સાથે જાતીય સંબંધ બાંધ્યા હોવાની હકીકત જાહેર ન કરી.ભૂતપૂર્વ રાષ્ટ્રપતિએ સુપ્રીમ કોર્ટને પોર્ન સ્ટારને મોં બંધ રાખવા માટે પૈસા ચૂકવવા સંબંધિત કેસમાં સજા પર રોક લગાવવાની વિનંતી કરી હતી.

### બલુચિસ્તાનમાં હુમલો

**હુમલો ત્યારે થયો જ્યારે સુરક્ષા કર્મચારીઓ પોલીસ ચોકી પર ફરજ બજાવી રહ્યા હતા**

## આતંકવાદીઓએ પોલીસ ચોકીમાંથી બંદૂકો । દારૂગોળો અને વાયરલેસ લૂંટી લીધા

। કરાચી, તા.૧૧ ।

પાકિસ્તાનમાં ફરી એકવાર આતંકવાદીઓએ હુમલો કર્યો છે. પાકિસ્તાનના અશાંત બલુચિસ્તાન પ્રાંતમાં સશસ્ત્ર આતંકવાદીઓએ એક પોલીસ ચોકી પર હુમલો કર્યો છે. હુમલો કર્યા પછી, આતંકવાદીઓએ નજીકની સિમેન્ટ ફેક્ટરીની મશીનરી અને સાધનોમાં આગ લગાવી દીધી અને પછી ઘટનાસ્થળેથી ભાગી ગયા. અધિકારીઓએ આ આતંકવાદી હુમલા અંગે માહિતી આપી છે. આ ઘટના ગુરુવારે માસ્તુંગ



શહેરમાં બની હતી.એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે આ હુમલો ત્યારે થયો જ્યારે સુરક્ષા કર્મચારીઓ પોલીસ ચોકી પર ફરજ બજાવી રહ્યા હતા. સશસ્ત્ર આતંકવાદીઓએ પોલીસ પાસેથી બંદૂકો, દારૂગોળો, વાયરલેસ સેટ, મોટરસાયકલ છીનવી લીધા અને સિમેન્ટ ફેક્ટરીમાં સાધનોમાં આગ લગાવી દીધી. સુરક્ષા કર્મચારીઓ ઘટનાસ્થળે પહોંચે તે પહેલાં જ આતંકવાદીઓ ભાગી ગયા હતા.સૂત્રોએ જણાવ્યું હતું કે આ હુમલામાં કોઈ જાનહાનિ થઈ નથી. તેમણે કહ્યું કે ગુરુવારે બલુચિસ્તાન પ્રાંતના દૂરના વિસ્તાર ખુઝદારમાં પ્રતિબંધિત જૂથોના શંકાસ્પદ સભ્યો દ્વારા આવો જ હુમલો કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે અહેવાલો અનુસાર, આતંકવાદીઓએ એક બેંક લૂંટી લીધી અને ભાગી જતા પહેલા એક પોલીસ સ્ટેશનને બાળી નાખ્યું. દરમિયાન, અમે તમને અહીં એ પણ જણાવી દઈએ કે તાજેતરમાં બલુચિસ્તાન લિબરેશન આર્મીના લડવૈયાઓએ બલુચિસ્તાનના તુર્બત શહેરમાં એક બસમાં બોમ્બ વિસ્ફોટ કર્યો હતો. આમાં છ લોકોના મોત થયા હતા અને ૨૫ અન્ય ઘાયલ થયા હતા. આ હુમલામાં એસએસપી રેક્કના એક વરિષ્ઠ પોલીસ અધિકારી અને તેમના પરિવારને પણ ઈજા થઈ હતી. હુમલા પછી, બલૂચિસ્તાન લિબરેશન આર્મીના પ્રવક્તાએ એક વીડિયો જાહેર કર્યો અને હુમલાની જવાબદારી લીધી. પાકિસ્તાનમાં ફરી એકવાર આતંકવાદીઓએ હુમલો કર્યો છે.

## જૂનાગઢમાં પીજીવીસીએલનાં કર્મચારીનું વીજશોક લાગતા થયું મોત

| જૂનાગઢ, તા.૧૧ |

જૂનાગઢમાં પીજીવીસીએલના કર્મચારીનું ચાલુ ફરજે મોત નિપજ્યું છે. વીજ પોલ પર ચડેલા કર્મીને વીજશોક લાગતા મોત થયું છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચી ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો છે.જૂનાગઢ જીલ્લાના વિસાવદરમાં આજે દુર્ઘટના ઘટી છે. મળતી માહિતી અનુસાર વિસાવદરના ચાપરડા ગામે પીજીવીસીએલમાં ફરજ બજાવતાં કર્મચારી વીજ ફોલ્ટ રિપેર કરવા થાંભલા પર ચડ્યા હતા. સાથી કર્મચારીઓની બેદરકારીના કારણે કર્મીનું મોત નિપજ્યું હોવાનો પરિવારજનોએ આક્ષેપ કર્યો છે. મૃતક રિપેર કામ કરી રહ્યો હતો ત્યારે અચાનક વીજ પુરવઠો શરૂ થઈ જતા ઘટના બની હતી. યુવક નરેશ મછારના અચાનક મોતથી પરિવાર આઘાતમાં સરી પડ્યો છે.

### દ્વારકામાં ગેરકાયદે દબાણો પર બુલડોઝર ફરી વળ્યુ

# ‘બેટ દ્વારકા કરોડો લોકોના આસ્થાનું કેન્દ્ર, અતિક્રમણ નહીં ચાલે’ : હર્ષ સંઘવી

## દેવભૂમિ દ્વારકામાં આજે વહેલી સવારથી ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે દબાણ હટાવવાની કામગીરી શરૂ

| માહિતી બ્યુરો, ,દ્વારકા,તા.૧૧|

દ્વારકામાં ગેરકાયદે દબાણો પર બુલડોઝર ફરી વળ્યુ છે. દ્વારકા જિલ્લામાં મેગા ડિમોલિશન કામગીરી હાથ ધરવામાં આવી છે. સરકારી જમીન ઉપર થયેલા દબાણ દૂર કરવા કવાયત હાથ ધરાઈ છે. મેગા ડિમોલિશન પર હર્ષ સંઘવીનું મોટું નિવેદન સામે આવ્યુ છે. ટ્વીટ કરી તેમણે કહ્યુ,’બેટ દ્વારકા કરોડો લોકોના આસ્થાનું કેન્દ્ર, અતિક્રમણ નહીં ચાલે’.

દેવભૂમિ દ્વારકામાં આજે વહેલી સવારથી ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે દબાણ હટાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી.જિલ્લાના ઓખા મંડળ બેટ વિસ્તારમાં ૪૦૦ જેટલા ધાર્મિક




રહેણાંક અને કોમર્શિયલ દબાણો હટાવવા સરકારી તંત્ર દ્વારા મેગા ડિમોલીશન હાથ ધરવામાં આવ્યું છે. આસપાસના વિસ્તારોમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે.

તાજેતરમાં દ્વારકાને બેટ દ્વારકાના જુદા-જુદા વિસ્તારોમાં કરાયેલા આ પ્રકારના દબાણ અંગે આશરે ૩૦૦ જેટલા આસામીઓને નોટિસ ફટકારી અને પોતાના દબાણો સ્વૈચ્છિક રીતે હટાવવા જણાવાયું હતું. અંતે દબાણ હટાવવાની ઝુંબેશ આજથી શરૂ કરવા માટેનો તખ્તો ઘડવામાં આવ્યો હતો. આજે સવારથી શરૂ કરાયેલા ઓપરેશન ડિમોલિશનમાં ઓખા મંડળના બેટ દ્વારકા નજીકના બાલાપર ખાતે આશરે ૩૦૦ જેટલા આસામીઓને અપાયેલી નોટિસો બાદ આ કામગીરી શરૂ કરવામાં આવી હતી. આશરે ૧૦૦૦ જેટલા સુરક્ષા કર્મીઓને ડિમોલિશનના સ્થળે તૈનાત કરવામાં આવી દીધા હતા. ડિમોલીશનના સ્થળને પોલીસે કોર્ડન કરી અને અહીં ચકલું પણ ન ફરકે તેવી સજ્જડ વ્યવસ્થા હાથ ધરવામાં આવી હતી. આ દબાણ હટાવ ઝુંબેશમાં પોલીસ તંત્ર સાથે રેવન્યુ તંત્ર, પી.જી.વી.સી.એલ. તેમજ સ્થાનિક નગરપાલિકાનો સ્ટાફ પણ જોડાયો છે.બેટ દ્વારકામાં ડેમોલિશનને લઈ ગૃહરાજ્ય મંત્રીનું ટ્વીટ કર્યુ છે.

### ઓલપાડમાં નકલી ઘી બનાવતી ફેક્ટરી ઝડપાઈ છે

### ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં ધમધમતી નકલી ઘીની ફેક્ટરીમાં દરોડા પાડવામાં આવ્યો છે, નકલી ઘીના જથ્થા સહિતનો મુદ્દામાલ જપ્ત

# સુરત શહેરમાં ફરી એકવાર નકલી ઘી બનાવવાનું કૌભાંડ સામે આવ્યું

| પ્રતિનિધિ, સુરત,તા.૧૧ |

સુરતમાં ફરી એકવાર નકલી ઘી બનાવવાનું કૌભાંડ સામે આવ્યું છે. ઓલપાડમાં નકલી ઘી બનાવતી ફેક્ટરી ઝડપાઈ છે. માસમા ગામે નકલી ઘી બનાવવાનું રેકેટ ચાલતુ હતું. બાતમીના આધારે સ્ટેટ મોનિટરિંગ સેલના દરોડા પાડતા નકલી ઘીની ફેક્ટરીનો પર્દાફાશ થયો છે.સુરતમાં સતત નકલી વસ્તુઓના વેચાણ છેલ્લા કેટલાક સમયથી જોરશોરમાં ચાલી રહ્યો છે ત્યારે ખાવા પીવાની વસ્તુની વેચાણ બજારમાં પણ ડુપ્લિકેશન થઈ રહ્યાનું સામે આવ્યું હતું. હલકી ગુણવતાવાળી વસ્તુ બજારમાં વેચીને લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા હોવાનું સામે આવ્યું હતું. ત્યારે વધુ એક નકલી અને મિલાવટી ઘી બનાવવાનું કારખાનું પોલીસે ઝડપી પાડ્યું છે.ઓલપાડના માસમા ગામે ફરી ઝડપાઈ ડુપ્લીકેટ ઘીની ફેકટરી પકડાઈ છે. ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં ધમધમતી નકલી ઘીની ફેક્ટરીમાં દરોડા પડવામાં આવ્યો છે. પોલીસે ગોડાઉનમાંથી નકલી ઘીના જથ્થા સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. અગાઉ પણ વિસ્તારમાંથી ડુપ્લીકેટ ઘી બનાવતી ફેક્ટરી ઝડપાઇ હતી. આપને જાણવી દઈએ કે,મોટા પ્રમાણમાં નકલી ઘીનો જથ્થો ઝડપાયો છે. ઘી બનાવાનો સામાન, પેકિંગ મશીનરી મળી આવી છ






















**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya